અપીલ અરજી નં.૧૮૪ તા.૨૦-૯-૦૮

અરજદાર: શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા
સામાવાળા: ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

## હુકમ:-

**વિષય :**-આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયાની તા.૧૧-૮-૦૮ ની અરજીથી ઉધના મેન રોડ ટી.પી.૬ ફા.પ્લોટ નં.૩૬૯,૩૭૬,૩૭૭ વાળી મિલ્કત "ખરવરનગર " વસાહતનો તાજેતરનો નવો રીવાઝડ પ્લાન જે રજુ થયેલ છે તે અંગે મારા ધ્વારા ઉપસ્થિત કરેલ મદ્દાઓ અંતર્ગત આ સાથે સામેલ કરેલ પત્રમા દર્શાવેલ પ્રશ્નો મુજબની માહિતી પુરી પાડવા બાબત.

**સંદર્ભ :**- અરજદાર મજકુરની તા.૨૦-૯-'૦૮ ની અપીલ અરજી નં.૧૮૪/૨૦૦૮-૦૯

શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયાની તા.૧૧-૮-૦૮ ની અરજીથી "ઉધના મેન રોડ ટી.પી.૬ ફા.પ્લોટ નં.૩૬૯,૩૭૬,૩૭૭ વાળી મિલ્કત "ખરવરનગર " વસાહતનો તાજેતરનો નવો રીવાઝડ પ્લાન જે રજુ થયેલ છે તે અંગે મારા ધ્વારા ઉપસ્થિત કરેલ મદ્દાઓ અંતર્ગત આ સાથે સામેલ કરેલ પત્રમા દર્શાવેલ પ્રશ્નો મુજબની માહિતી પુરી પાડવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ ના પત્ર નં.ટી.ડી.ઓ./૨૫૦૦ તા.૧૦-૯-૦૮ થી આપેલ માહિતીઓ અધુરી, સમજણ વિનાની પુરી પાડેલ હોવાનું જણાવી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦-૯-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૧૨ તા.૨૯-૯-૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૧૫૪ તા.૧૫-૧૦-૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની મૂળ અરજીમાં ઉધના મેઈન રોડ ટી.પી.૬ ફા.પ્લોટ નં.૩૬૯,૩૭૬,૩૭૭ વાળી મિલ્કત 'ખરવરનગર " વસાહતનો તાજેતરનો નવો રીવાઝડ પ્લાન જે રજુ થયેલ છે તે અંગે ઉપસ્થિત કરેલ મદ્દાઓ અંતર્ગત પત્રમા દર્શાવેલ પ્રશ્નો મુજબની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.ટીડીઓ/૨૫૦૦ તા.૧૦-૯-૦૮ થી માહિતી પૂરી પાડેલ તથા પત્ર નં. ટીડીઓ/૨૬૬૮ તા.૧૭-૯-૦૮ થી વાંધા પત્રની નકલ નંગ-૨ આપવામાં આવેલ જણાય છે. અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીથી અલાયદા મુદ્દા મળેલ માહિતીના અનુસંધાને પૂરક સ્વરૂપે રજૂ કરેલ છે. પરંતુ મુળ અરજીની મળેલ માહિતી અધૂરી,અપૂરતી કે ખોટી હોવાના કોઈ સમર્થન રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૨,૪,૫,૮ અને ૯ અંગે દફતરી હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડયાનું રજૂ થયેલ દસ્તાવેજો પરથી જણાય છે.

મુદ્દા નં.૩ તથા ૬ અંગે બાબત કાર્યવાહી હેઠળ હોવાનું પણ અરજદારને સ્પષ્ટ કરેલ જણાય છે જયારે મુદ્દા નં.૧ તથા આંશિક-૯ અંગે કચેરીના દફતરે ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ વિગતો આપવાની રહે છે તેથી વાસ્તવલક્ષી વિગતથી અરજદારને વાકેફ કર્યાનું જણાય છે.

મુદ્દા નં.૭ અંગે આ કાયદા હેઠળ અરજી સંખ્યા અને નિકાલનું વિવરણ આપેલ છે પરંતુ અરજદારે કયા પ્રકારે નિકાલ કરવામાં આવ્યો તેવી વિગત માંગેલ છે. આરટીઆઈ એકટની જોગવાઈ હેઠળ આવેલ અરજીમાં માહિતી ઉપલબ્ધ કરાવવાની જોગવાઈ છે તેના નિકાલમાં અસંતોષના કિસ્સામાં અરજદારને કલમ-૧૯ હેઠળ અપીલનો હક પણ ઉપલબ્ધ થાય છે તેથી અરજી અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને માહિતી પૂરી પાડેલ સ્પષ્ટ થાય છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૧-૮-૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી મુદ્દાસર પૂરી પાડવામાં આવેલ છે. અરજદાર મુદ્દા નં.૭ અંગે અરજીનો નિકાલની નકલસહ વિગતો મેળવવા ઈચ્છતા હોય તો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી નકલો મેળવી શકે છે. તેથી અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અપીલના તબકકે અલાયદી પૂરક વિગતો અંગે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : -૧૧ -૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,શહેર વિકાસ ..... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ભૂપેન્દ્ર.ભગવાનદાસ બારડોલીયા, ૧૫/૭/બી,ખરવરનગર,ઉધના મેઈનરોડ, સુરત.,....તેઓની અપીલ અરજી અંગે

ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.